૭૫૯૨

श्रीमदानंद विजयजी (आतमारामजी) कृत वीश स्थानक पुजा प्रारभ्यते.

दुहा.

સમરસ રસભર અઘહર, કરમ ભરમ સબ નાસ;
કર મન મગન ધરમ ધર, શ્રીસંખેશ્વર પાસ. ૧
વસ્તુ સકળ પ્રકાસની, ભાસની ચિદઘન રૂપ;
સ્યાદવાદ મત કાસની, જીન વાણી રસ કૂપ. ૨
છઠ્ઠે અંગ આવશ્યકે, વીશ નિમિત્ત વિધાન;
તે સાધે જીનપદ લહે, અજર અમરકી ખાન. ૩
જીન ગણધર વાણી નમી, આણી ભાવ ઉદાર;
વિંશતી પદ પૂજન વિધિ, કહીશું વિધિ વિસ્તાર. ૪
વિંશતી તપ પદ સારીખી, કરણી અવર ન કોય;
જો ભવી સાધે રંગશ્યું, અર્હન્ રૂપી હોય.
ક્રમ સેવી પીઠ ત્રીકોપરે, થાપી જિનવર વી
સામગ્રી સૌ મેળીને, પૂજે ત્રિભુવન ઈસ.
એક એક પદ પૂજીએ, પંચ ૫ અષ્ટ
દ્રવ્યાર્ચન વિધિ જાણીએ, ઇગવિ

પ્રથમ અરિહંત પદ પૂજા.

(દો નયણા દામારયા મરજાદા પરદેશીડા) એ દેશી.

અરિહંત પદ મનરંગ; ચિદાનંદ અરિહંત પદ૦ એ આંકણી. ચિદાનંદ ઘન મંગળ રૂપી, મિથ્યા તિમર દિનંદ ॥ ચિ૦ અ૦ ૧ ॥ ચોતીસ અતિશય પૈંત્રીસ વાણી, ગુણ બારે સુખકંદ. ॥ ચી૦ અ૦ ૨ ॥ મહાગોપ મહામાહણ કહીએ, કાટે ભવ ભવ ફંદ. ॥ ચી૦ અ૦ ૩ ॥ નિર્યામિક સથ્થવાહ ભણીજે, ભવિ ચકોર મન ચંદ ॥ ચી૦ અ૦ ૪ ॥ ચાર નિક્ષેપ રૂપ જગ રંજન, ભંજન કરમ નરિંદ ॥ ચી૦ અ૦ ૫ ॥ અવર દેવ વામા વશ કીને, તું નિકલંક મહિંદ ॥ચી૦ અ૦ ૬॥ જ્ઞાયક નાયક શુભ ગતિ દાયક, તું જિન ચિદઘન વૃંદ ॥ચી૦ અ૦ ૭॥ દેવપાળ શ્રેણીક પદ સાધી,અરિહંત પદ નિપજંદ ॥ ચી૦ અ૦ ૮ ॥ સર્વ શિવંકર નિરંજન, ગત કલમલ સવધંદ ॥ચી૦ અ૦ ૯॥ [illegible]ંચ કલ્યાણક જગમેં, કરે ઉદ્યોત અમંદ [illegible]૦ ॥ આતમ નિર્મળ ભાવ કરીને, પૂ[illegible] [illegible] અ૦ ૧૧॥ઇતિ પ્રથમ પદ પૂજા.

द्रुत विलंबित वृत.

अतिशयादि गुणाब्धिवत्र दान्यकं,
जिनवरेंद्र पदस्य निदानकं;
निखिल कर्म शिलोच्चय सूदनं,
कुरुत विंशति संपद पूजनं॥१॥ ॐ ह्रीँ श्रीँ.न:

આ કાવ્ય પૂજાદીઠ કહેવું.

દ્વિતીય સિદ્ધપદ પૂજા દુહા.

તનુ ત્રિભાગ દુરે કરી, ઘન સ્વરૂપ અઘ નાસ;
જ્ઞાન સ્વરૂપી અગમ ગતિ, લોકાલોક પ્રકાસ. ૧
અક્ષર અમર અગોચરા, રૂપ રેખ વિન લાલ;
જે પૂજે સો ભવિ લહે, અરહન્ પદ ઉજમાળ. ૨

(કાન્હા મેં નહિ રહેણારે, તુમચરે સંગ ચલું) એ દેશી

સિદ્ધ અચળ આનંદીરે, જોતિમેં જોતિ મિલી.
આંકણી. અજ અલખ અમૂરતિરે, નિજ ગુ
રલી. ॥સિ० ૧॥ શિવ અજર અનંગીરે,
દલી. ॥સિ० ૨॥ સમય એકમેં ત્રિપ
આવિર વલિ. ॥સિ० ૩॥ રીજુ

અનંત ચતુષ્ટય મિલિ. ।।સિ૦ ૪।। ગુણ ઇક ત્રિંસ સારીરે, નિર્મળ પાપ ગલી ।। સિ૦ ૫।। ત્રિહું કાળકે દેવારે, સામ સુખ મેળ મિલી ।।સિ૦ ૬।। ગુણાનંત કરીજેરે, વરગત વરગ વલી. ।।સિ૦ ૭।। નભ એક પ્રદેશેરે, સામ સુખ પુંજ મિલી. ।।સિ૦ ૮।। લોકાલોક ન માવેરે, જિનવર તત્ર ચલી. ।। સિ૦ ૯ ।। બંધન છેદ અસંગારે, પૂર્વ પ્રયોગ ફલી ।। સિ૦ ૧૦।। સતિ કરણ નિદાનારે, સુમતિ સંગ ભલી. ।।સિ૦ ૧૧।। હસ્તિપાળ આરાધીરે, જિનપદ સિદ્ધ તુલી. ।।સિ૦૧૨।। પ્રભુ આત્માનંદીરે, પૂજત કુમતિ ટલી. ।।સિ૦ ૧૩।।

ઇતિ દ્વિતીય પૂજા.

તૃતીય પ્રવચન પદ પૂજા દુહા.

ત્રીજે પ્રવચન પૂજીએ, કરી કુમતિ સંગ દુર;
મિથ્યા મત ટાળી સવે, જન્મ મરણ દુખ ચૂર. ૧
ભવ રોગકી ઔષધી, અમૃત સિંચનહાર;
ભય તાપ નિવારણી, અરિહંત પદ ફળકાર. ૨

રાગ વહંસ.

પદ ભવ પાર ઉતારે, પૂજો ભવી મનરં-
આંકણી. અમૃત રસ ભરી ધ્યાને,

ચિદઘન રંગ રંગીલરે; કુમતિ જાળ સામ છિનકમેં જારે, પ્રગટ અનુભવ લીલરે. ॥પ્ર૦ ૧॥ તીનશો શાઠ તીન (૩૬૩) મતધારી, જગમે તિમર અજ્ઞાનરે; જ્યો જીન વચન સૂરતમ નાસક, ભાસક અમલ નિધાનરે. ॥પ્ર૦ ૨॥ સપ્તભંગી નય સપ્તસુહંકર, યુકતમાન હોય સારરે; ષડભંગી ઉત્સર્ગાદિકની, અડપક્ષ સમ્યક કારરે ॥પ્ર૦ ૩॥ પ્રવચનાધાર સંઘ જગ સાચો, જિન પૂજે ભવપારરે; અરિહંત ધર્મ કથાનક અવસર, કરત પ્રથમ નમોકારરે. ॥પ્ર૦ ૪॥ પ્રવચન અમૃત જળધર વરસે, ભવીમન અધિક ઉલ્લાસરે; કુમતિ પંથ અંધજન જે તે, સૂકત જેસો જવાસરે. ॥પ્ર૦ ૫॥ સંભવ નરપતિ પ્રવચન સાખી, તિર્થંકર પદ સ્થાનરે; પંચ અંગ તાલી સતગુરૂકી, પ્રવચન સંઘ નિધાનરે. ॥ પ્ર૦ ૬ ॥ આત્મ અનુભવ રત્ન સુહંકર, અચર અનઘ પદ ખાનરે; જો ભવિ પૂજે મન તન શુદ્ધ, અરિહંત પદકો નિદાનરે ॥પ્ર૦ ૭॥ ઇતિ તૃતીય પૂજા.

ચતુર્થ સૂરિ પદ પૂજા દુહા.

ચોથે પદ સુરિ નમો, ચરણ કરણ પદ ધા
સારણ વારણ નોદના, પ્રતિ નોદન

ષટ્ત્રિંશત ગુણ શોભતા, સંપત ષટ્ પંચાસ;
મેઢીસમ જીન શાસને, ભવિ પૂજે સુખરાસ. ૨

રાગ ઠુમરી.

અપને રંગમે રંગ દે, હેરી હેરી લાલા અપને રંગમે રંગદે ॥ એ આંકણી ॥ પાંચ આચાર અખંડિત પાળે, જન્મ મરણ દુઃખ ભંગ દે ॥હેરી૦ ૧॥ પંચ પ્રસ્થાન જે મંત્ર રાકો, સ્મરણ કરે મન રંગદે ॥ હેરી૦ ૨॥ આઠ પ્રમાદ તજે ઉપદેશો, શિવરમણી સુખ મંગદે ॥હેરી૦ ૩॥ ચાર અનુયોગ સુધારસ ધારે, ધરમ કરન ઉમંગદે ॥હેરી૦ ૪॥ સાતહિ વિકથા દૂર નિવારી, મોહ સુભટ સંગ જંગદે ॥હેરી૦ ૫॥ શ્રુતકે સાતો અંગ રંગીલે, મુજ હૃદયેમે ટંગદે ॥ હેરી૦ ૬ ॥ પુરૂષોત્તમ નૃપ જિન પદ લીનો, આત્મ રાજ શિવ ચંગદે ॥હેરી૦ ૭॥ ઇતિ ચતુર્થ પૂજા.

પાંચમી સ્થિવર પદ પૂજા દુહા.

મ સંગી રંગી નહી, જ્ઞાયક શુદ્ધ સ્વરૂપ;
જન મન થિર કરનકો, જય જય સ્થિવર અનૂપ. ૧

ઠુમરી મધ્ય હિંદુસ્તાની.

નમાર્ગ તનૂન મન, દાખત સુગુરૂ સુગુ-
ાંરે મત૦) ॥ એ દેશી ॥

થિવર સુહંકર પદકજ પૂજિ, તિર્થંકર પદ સુખ ગતિયાં રે ॥થિ૦ ૧॥ ડિગમિગ ડિગમિગ મન ચં-ચળ હય, ધરમ કરે ફિર ચિત્ત રતિયાંરે ॥થિ૦ ૨॥ સુત્ર થિવર ૧ વય ૨ વૃત પરિણામે ૩, જાને સમવા-યાંગ વતિયાંરે ॥થિ૦ ૩॥ સાઠ વરસ વ્રત વરસ વિ-સમે, થિર પરિચત શુદ્ધ બુધ્ધ મતિયાંરે ॥ થિ૦ ૪ ॥ દશ વિધ અંગ તીસરે વરને, થિવર ગૃહે ઇહ જિન પ્રતિયાંરે ॥થિ૦ ૫॥ વંદન ભોજન નમન કરન મતી, ભકિત કરે શુદ્ધ પુન્ય રતિયાંરે ॥થિ૦ ૬॥ પદ્મોત્તર નૃપ ઇહ પદ શેવી, આત્મ અરિહંત પદ વતિયાંરે ॥ ॥થિ૦ ૭॥ ઇતિ પંચમી પૂજા.

છઠ્ઠી પાઠક પદ પૂજા દુહા.

સ્યાદવાદ નય પંથમે, પંચાનન બળ પૂર;
દુરનય વાદી વૃંદને, કરે છીનકમે દુર.
પડન કરાવે શિષ્યને, સ્વ પર સત્તા તુર;
મિથ્યા તિમિર વિનાસને, જય જય પાઠક સૂર. ૨

રાગ ખમાચ.

(વિત્તરાગકો દેખ દરસ, દુવિધા મોરી મીટ ગઇરે.વિ૦)

॥ એ દેશી ॥

પાઠક પદ સુખ ચેન દેન, વસ અમીરસ ભીનોરે.

॥ પાઠક૦ ॥ એ આંકણી ॥ સ્વપર રૂપ વિકાસીચંદ, અનુભવ સુરતરૂ કેરો કંદ, સ્યાદવાદ મુખ ઊચરે છંદ, જિન વચરસ પીનોરે ॥પા૦૧॥ કુમતિ પંથ તમ નાસક સુર, સુમતિ કંદ ઘન વર્દ્ધન પૂર, દે ઊપદેશ સંત રસ ભૂર, અઘ સવ ક્ષય કીનોરે ॥ પા૦ ૨॥ ત્રિજે ભવ શિવરમણી ચંગ, ચરણ કરણ ઊપદેશ કરંગ, કર્મ નિકંદન કરણ ભંગ, સુર અસુર પૂજિનોરે ॥પા૦ ૩॥ હય ગય વૃષભ સિંહ સમકીન, ઊપેંદ્ર ઇંદ્ર ચક્રી દિન ઈન, ચંદ્રભંડારી ઊપમાદીન, નગ મેરૂ કરીનોરે ॥પા૦ ૪॥ જંબુ સિતા સરિત વખાન, ચરમ જળધિ તિમ ગુણ મણી ખાણ, ષોડશ ઊપમા કરી વિધાન, બહુશ્રુત જસ લીનોરે ॥ પા૦ ૫ ॥ અવગુણ ચૌદે દુર કરીન, પન્નર ગુણકારી શિષ્ય પીન, સરસ વચન જિમ તંત્રી વીન, નિજ ગુણ સમ ચીનોરે ॥પા૦ ૬॥ મહેંદ્રપાળ પદ સેવી સાર, તિર્થંકર પદ લીનો સાર, મદન ભરમકો જાર જાર, આત્મ રસ ભીનોરે ॥પા૦ ૭॥ ઇતિ છઠી પૂજા.

સાતમી સાધુ પદ પૂજા દુહા.

તજી વિભાવ સ્વભાવતા, રમતા સમતા સંગ;

વિસદાનંદ સ્વરૂપતા, લાગ્યો અવિહડ રંગ. ૧
માને જગ ત્રિહુ કાળમે, મુનિ કહીએ તસ નામ;
સાધે શુદ્ધા નંદતા, સાધુ નામ અભિરામ. ૨

ઇંગ્રેજી વાજાની ચાલ.

મુનિંદ ચંદ ઇશ મેરે, તાર તાર તાર; જ્ઞાનકે તરંગ ભંગ, રાત જાસકાર ા।મુનિં૦ ૧।। સંતકે મહંત મુનિ, સાધે વિધિચાર; યતિ વૃત્તિ સંજમીહે, જગતકો આધાર ।।મુનિં૦ ૨।। નવ વિધે ભાવ લોચ, કેસ દશ-કાર; અનંગ રંગ ભંગ સંગ, સુમતિ ચંગ નાર ।। મુ-નિં૦ ૩।। સમચાળી દોષ ટાળી, લેત હે આહાર; સાતવીશ ગુણધાર, આતમા ઉજાર ।।મુનિં૦ ૪।। પં-ચહી પ્રમાદકે, કલોલ લોલ ભાર; સંસારનીર નિધિ પોત, જ્યોત જ્ઞાન સાર ।।મુનિં૦ ૫।। પાર કરે સંત અંત, કર્મકા નિહાર; બ્રહ્મચર્ય ધાર વાડ, નવરંગ લાર ।।મુનિં૦ ૬।। વીરભદ્ર સાધુ શેવ, જિનપદ સાર; આ-તમ ઉમંગ રંગ, કુગુરૂ સંગ છાર ।। મુનિં૦ ૭।। ઇતિ સાતમી પૂજા.

આઠમી જ્ઞાનપદ પૂજા દુહા.

નિજ સ્વરૂપકે જ્ઞાનસેં, પરસંગ સંગત છાર;

જ્ઞાન આરાધક પ્રાણીઆ, તે ઉતરે ભવ પાર. ૧

રાગ ભેરવી.

(લાગી લગન કહો કેસેં છુટે, પ્રાણજીવન પ્રભુ પ્યારેસેં લા૦) ॥ એ દેશી ॥

જ્ઞાન સુહંકર ચિદઘન સંગી, રંગી જીનમત સારેમેં; રંગી૦ ॥ જ્ઞાન૦ ૧ ॥ પાંચ એકાવન ભેદ જ્ઞાનકે, જડતા જગ જન ટારેમે; જડ૦ ॥ જ્ઞાન૦ ૨॥ ભક્ષ અભક્ષ વિવેચન કીનો, કુમતિ રંગ સબ છારેમે; કુ૦ ॥જ્ઞાન૦ ૩॥ પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, કરમ કલંક નિવારેમે; કર૦ ॥જ્ઞાન૦ ૪॥ સદ્ સદભાવ વિકાસી જ્ઞાની, દુરનય પંથ વિસારેમે; દુર૦ ॥જ્ઞાન૦ ૫॥ અજ્ઞાનીકી કરણી એસી, અંક વિના સુન્ય સારેમે; અંક૦ ॥ જ્ઞાન૦ ૬ ॥ મતિ શ્રુત અવધિ મનપર્યવહે, કેવળ સર્વ ઉજારેમે; કેવ૦ ॥ જ્ઞાન૦ ૭॥ અજ્ઞાની વર્ષ એક કોટિમે, કરમ નિકંદન ભારેમે; કર૦ ॥જ્ઞાન૦ ૮॥ જ્ઞાની શ્વાસોશ્વાસ એકમે, ઇતને કરમ વિડારેમે; ઇતિ૦ ॥જ્ઞાન૦ ૯॥ ભરતેશ્વર મરૂદેવી માતા, સિદ્ધિવરે દુખ જારેમે; સિ૦ ॥જ્ઞાન૦ ૧૦॥ દેશ વિરાધક સર્વારાધક, ભગવતી વીર ઉજારેમે; ભ૦

॥જ્ઞાન૦ ૧૧॥ જયંત નરેશ્વર યહ પદ સાધી, આતમ જિનપદ ધારેમે; આ૦ ॥જ્ઞાન૦૧૨॥ ઇતિ આઠમી પૂજા.

નવમી દર્શન પદ પૂજા.

દુહા.

તત્વ પદારથ નવ કહે, મહાવીર ભગવાન;
જો સરદ્ધે સદભાવસેં, સમ્યક્ દર્શી જાન. ૧
શ્રદ્ધા વિન નહી જ્ઞાનહે, તદ વિન ચરણ ન હોય;
ચરણ વિના મુક્તિ નહી, ઉતર ઝ્ઝયણે જોય. ૨

રાગ પરજ.

(નિશદિન જોવું વાટડી, ઘેર આવો ઢોલા;) એ દેશી.

દર્શન પદ મનમેં વસ્યો, તબ સબ રંગ રોળા; જગમેં કરણી લાખછે, એક દર્શ અમોલા. ॥દ૦ ૧॥ દર્શન વિના કરણી કરી, એક કોડી ન મોલા; દેવ ગુરૂ ધર્મ સારહે, ઇનકા ક્યા મોલા. ॥દ૦ ૨॥ દર્શન મોહની નાશસેં, અનુભવ રસ ઘોળા; જિન દર્શન પૂજન કરે, એહી દર્શ કલોલા. ॥દ૦ ૩॥ સમ ૧ સંવેગ ૨ નિર્વેદતા, આસ્તિ કરૂણા તંબોળા; ઇન લક્ષણસેં માનીએ, સમકિત રસ ચોળા. ॥દ૦ ૪॥ એક મહુરત ફરસીયે, દર્શન સુખ ડોલા; નિશ્ચય મુક્તિ પામીયે,

જિનવર એમ બોલ્યા. ॥દ૦ ૫॥ ઈગ ૧ દુગ ૨ તિ ૩ ચઉ ૪ સર ૫ દસે ૧૦, સતસઠ ભેદ તોલા; દર્શન પાયો સિઝ્‌ઝંભવે, દેખી પ્રતિમા અમોલા. ॥ દ૦ ૬ ॥ હરિવિક્રમ નૃપ સેવના, અંતર દગ ખોલા; આત્મ અનુભવ રંગમે, મિટે મનકા ઝોલા. ॥ દ૦ ૭ ॥ ઇતિ નવમી પૂજા.

દશમી વિનય પદ પૂજા દુહા.

ગુણ અનંતકો કંદહે, વિનય ભુવન સિંગાર;
વિનય મૂલ જિન ધર્મ હે, વિનયક ધન અવતાર. ૧
પાંચ ૫ ભેદ દસ ૧૦ તેરસા ૧૩, બાવન ૫૨ બાસઠ ૬૨ માન.
આગમમેં વિનય તણા, ભેદ કહ્યા ભગવાન. ૨

અકેલી જાનસેં, મેં તો દુઃખ સહ્યોરી; એ આંકણી. સખી મેં તો વિનય પિછાનારી, અનંતે કાલસેં. ॥મેંતો૦ ૧॥ તિર્થંકર ૧ સિદ્ધ ૨ કુલ ૩ ગણ ૪ સંઘા, ૫ કિરિયા ૬ ધર્મ ૭ સુજ્ઞાનારી ૮ ॥સ૦ અ૦ ૨॥ જ્ઞાની ૯ સુરી ૧૦ થવિર ૧૧ પાડક ૧૨, ગણી ૧૩ પદ તેરા વિધાનારી ॥સ૦અ૦ ૩॥ અનાશાતના ૧ ભકિત ૨ સુહંકર, અતિમાન ગુણ ૩ ગાનારી ॥સ૦અ૦૪॥ દ્વાય સહસ ને ચિહુત્તર અધિકે, વંદન દેવ વિધાનારી

॥સ૦ અ૦ ૫॥ ચારસો બાવન ગુરૂ વંદન વિધિ, વિનયી જન ચિત આનારી ॥સ૦ અ૦ ૬॥ જિન વંદન હીત ૫ અતિ ભારી, દુરગતિ નાસ કરાનારી ॥ સ૦ અ૦૭॥ શ્રદ્ધા ભાસન તત્ત્વ રમાણુતા, વિનયી કાર જગા નારી ॥સ૦ અ૦ ૮॥ ધન્ના એહ પદ વિધસું સેવી, આત્મ રંગ ભરાનારી ॥સ૦અ૦ ૯॥ ઇતિ દશામી પૂજા.

અગ્યારમી ચારિત્ર પદ પૂજા દુહા.

ચરણ સરણ ભવજલ તરણ, ચરણ સરણ સુખસાર;
રંક મહંત કરે સહી, સુરવર સેવાકાર. ૧
તીન જગતપતિ પદ દીયે, ઇંદ્રાદિક ગુણ ગાય;
કલમલ પંક પરવારના, જય જય સંયમ રાય. ૨

રાગ સોરઠ.

(લગીલો નાભી નંદનસું, લગીલો૦) એ દેશી.

ચરણ પદ મનરંગ, રેજ્યા ચરણ૦ એ આંકણી.
આઠ કર્મકા સંચકો જે, રિકત કરે ભય ભંગ; ચારિત્ર નામ નિરૂક્તે માન્યો, શિવ રમણીકો સંગ. રેજ્યા૦ ॥ચ૦૧॥ ષટ્ખંડ કેરો રાજ જેહને, રમણી ભોગ ઉત્તંગ; ચક્રી સંજમ રસમે લીનો, ચિદઘન રાજ અભંગ. રેજ્યા૦ ॥ચ૦૨॥ બારે કષાય જરે જામ કી-

નીકે, પ્રગટે સંયમ ચંગ; આઠ કષાય ગયે અનુવિરતી, ચારિત્ર મોહ વિરંગ. રે જીયા૦ ॥ ચ૦ ૩॥ વર્ષે સંયમકે સુખકી શ્રેણી, અનુત્તર સુર સુખ સંગ; તત્વ રમણતા સંયમ વિન નહી, સમર અમર અનંગ. રે જીયા૦ ॥ ચ૦ ૪॥ વરૂણ દેવ સંયમ પદ સાધી, અરિહંત રૂપ અસંગ; આત્મનંદી સુરનર વંદી, પ્રગટયો જ્ઞાન તરંગ. રે જીયા૦ ચ૦ ૫॥ ઇતિ અગ્યારમી પૂજા.

બારમી બ્રહ્મચર્ય પદ પૂજા. દુહા.

કામકુંભ સુરતરૂ મણી, સમ વ્રત જીવન સાર;
કામિત ફળદાયક સદા, ભવ દુઃખ ભંજનહાર. ૧
તારાગણમે ઉડુપતિ, સુરગણમે જીમ ચંદ;
વિરતી સકળ મુખ મંડના, જય જય બ્રહ્મ થિરિંદ. ૨

રાગ સોરઠી.

(મહ્યરસત્રી સમયકી, શ્યામ નેક દયા મોસે ન કરી; નેમ નેક૦) ॥ એ દેશી ॥

શ્યામ બ્રહ્મ સુહંકર લખરી, શ્યામ૦ એ આંકણી. કુમતિ સંગ સમ શુદ્ધ બુદ્ધ ભુલી, અનુભવ રસ સમ ચખરી ॥ શ્યામ૦ ૧॥ નવ વાડિ શુદ્ધ બ્રહ્મ આરાધે, અજર અમર તું અલખરી ॥ શ્યામ૦ ૨॥ ઉદારિક સુર કામ

જાલસે, અપને આપકો રખરી ॥ શ્યામ० ૩ ॥ સિંહા-દિક પશુ ભય સબ નાસે, બ્રહ્મચર્ય રસ ચખરી ॥શ્યામ० ૪॥ વિજયશેઠ વિજયા ગુણવંતી, સુદર્શન કામ કખરી શ્યામ० ૫॥ દસમે અંગે બત્રીશ ઉપમા, બ્રહ્મચર્ય કી દખરી ॥ શ્યા० ૬॥ આતમ ચંદ્રવર્મ નરવરજ્યું, અરિહંત પદ સુખ અખરી ॥ શ્યામ० ૭ ॥ ઇતિ બારમી પૂજા.

તેરમી ક્રીયા પદ પૂજા દુહા.

ચિદ વિલાસ રસ રંગમે, કરે ક્રિયા ભવિ ચંગ;
કરમ નિકંદન યશ ભરે, ઉછરે જ્ઞાન તરંગ. ૧
આગમ અનુસારી ક્રિયા, જીન શાસન આધાર;
પ્રવર જ્ઞાન દર્શન લહે, શિવ રમણી ભરતાર. ૨

રાગ માઢ.

(ફળવર્દ્ધી પારસનાથ, પ્રભુકોં પૂજો તો સહી.) એ દેશી.

થારી ગઇરે અનાદિ નીંદ, જરા ટુક જોવો તો સહી; જોવોતો સહી મેરા ચેતન જોવોતો સહી. થારી० એ આંકણી. જ્ઞાન સંગ કિરિયા દુખ હરણી, નેવોતો સહી; મેરા ચેતન નેવોતો સહી; એહ ધર્મ શુકલ શુદ્ધ ધ્યાન, હૃદયમે પોવો તો સહી. ॥મે० થા० ૧॥ આર્ત્ત

રૌદ્રની પણવીસ ક્રિયા, ખોવોતો સહી; ા મે૦ા અનુ-
ભવ સમરસ સરસાર, જરા તુમ ઢોવોતો સહી ાામે૦
થા૦ ૨ાા અડ દિઠી સમતા જોગની કિરિયા, ઢોવોતો
સહી ાામે૦ાા પ્રથમ ચાર તજી ચાર ગ્રહી, પરહોવોતો
સહી ાામે૦ થા૦૩ાા સમકીતકી કરણી દુઃખ હરણી,
લેવોતો સહી ાામે૦ાા દુક દુર નય પંથ વિડાર, જ્ઞાન
રસ ગોવોતો સહી ાામે૦ થા૦ ૪ાા અંતર તત્વ વિષય
મન પ્રીતિ, છોવોતો સહી ાામે૦ાા એહ જ્ઞાન ક્રિયા
નિજ ગુણ રંગ રાચી, થોવોતો સહી ાામે૦ થા૦ ૫ાા
અશુભ ધ્યાનના થાનક ત્રેશઠ, ખોવોતો સહી ાામે૦ાા
પુન્યાનુબંધી પુણ્ય બીજ દુક, બોવોતો સહી ાા મે૦
થા૦૬ ાા ક્રોધ માન માયા જડતા સંગ, ધોવોતો સ-
હી ાામે૦ાા એહ હરીવાહન આતમ રસ ચાખી, મે-
વોતો સહી ાામે૦ થા૦૭ાા ઇતિ તેરમી પૂજા.

ચૌદમી તપ પદ પૂજા દુહા.

ઉપસમ રસ યુત તપ ભલો, કામ નિકંદન હાર;
કર્મ તપાવે ચીકણાં, જય જય તપ સુખકાર. ૧

રાગ બિહાગ.

યું સુધરેર સુજ્ઞાની, અનઘ તપયું૦ એ આંકણી.

કર્મ નિકાચીત છિનકમે જાવે, નિદંભ તપ મન આની ॥અ૦૧॥ અર્જુનમાળી દઢપ્રહારી, તપસુ ધરે શુભ ધ્યાની ॥અ૦ ૨॥ લાખ અગ્યારહુ એંશી હજાર, પંચ સહસ્ર ગિન જ્ઞાની ॥અ૦ ૩॥ ઇતને માસ ઉમંગ તપ કીનો, નંદન જીનપદ ઠાની ॥અ૦૪॥ સંવત્સર ગુણ-રત્ન પીનો, અતિમુકત સુખ ખાની ॥અ૦૫॥ ચૌદ સહસ મુનીવરમેં અધિકો, ધન ધન્નો જિનવાની ॥અ૦ ૬॥ કનકકેતુ તપ શુદ્ધ પદ શેવી, આત્મ જિનપદ દાની ॥અ૦ ૭॥ ઇતિ ચૌદમી પૂજા.

પન્નરમી દાન પદ પૂજા દુહા.

દાને ભવ સંકટ મિટે, દાને આનંદ પૂર;
દાને જિનવર પદ લહે, સકળ ભયંકર સૂર. ૧
અભય સુપાતર દાન દે, નિસ્તરીયા સંસાર;
મેધ સુમુખ વસુમતિ ધના, કહેત ન આવે પાર. ૨

રાગ જંગલા.

(રચ્યો સિરિ વૃંદાવન, રાસતો ગોવિંદ રચ્યા.) એ દેશી.

દાનતો અભંગ દીજે, મન ધરી રંગ; દાનતો૦ એ આંકણી. ખાનતો અમર અજ, સુખતો અભંગ; ગૌ-તમ રતનસમ, પાત્ર સુરંગ ॥ દાનતો૦ ૧ ॥ કનક સમાન

મુનિ, પાત્ર ઉત્તંગ; દેશવિરતિ પાત્રતાર, મધ્યમ સુમંગ ॥ દા૦ ૨ ॥ સમદરશી જીવ માનો, જઘન તરંગ; કાંસ પાત્ર પાત્રસમ, સુખ દે નિરંગ ॥ દા૦ ૩ ॥ શાલિભદ્ર કૃત પુન્ના, ધન્ના શુભ ચંદ; દાનસે અનંત સુખ, કહેત જિનંદ ॥ દા૦ ૪ ॥ દાનસે હરિવાહન લીનો, જિન પદ સંગ; આતમ આનંદ કંદ, સહુજ ઉમગ ॥દા૦૫॥

ઇતિ પન્નરમી પૂજા

સોળમી વૈયાવચ્ચ પદ પૂજા દુહા.

વૈયાવચ્ચ પદ સોળમે, અખિલ વિમળ ગુણ ખાન;
અપ્રતિપાતિ ખશે, આગમ કથિત નિદાન. ૧

જીન ૧સુરિ ૨ પાઠક ૩ મૂનિ૪,બાળક ૫ વૃદ્ધ ૬ ગિલાન૭;
તપી૮ સંઘ૯ જીનચૈત્ય૧૦નો, વૈયાવચ્ચ વિધાન. ૨

રાગ ઠુમરી.

(ગિરનારીકી પહાડીપર કેસે ગુજંરી, ગિર૦) એ દેશી.

શુદ્ધ વૈયાવચ્ચ કરે જિનપદ વરરી, શુદ્ધ૦ એ આંકણી. તિર્થંકર ૧ કેવળી ૨ મનપર્યવ૩, અવધિ ચતુર્દશ પુવ્વ ધરીરી ૫ ॥ શુદ્ધ૦૧॥ દસપુર્વીદ ઉત્કૃષ્ટ ચરણધર, લબ્ધિવંત એ જીન સગરી ॥શુદ્ધ૦૨॥ જિન

મંદિર જિનચૈત્ય કરાવે, પૂજા કરે મન તનુ સુધરી ॥ ॥ શુદ્ધ૦૩ ॥ દસમે અંગે જિનવર ભાખે, કુમતિ કુસંગ સબ દૂર ભગરી ॥શુદ્ધ૦૪॥ નવપદ શેષ સુરિશ્વર આદિ, વૈયાવૃત્ય કર ઉઠ જગરી ॥શુદ્ધ૦૫॥ સતપંચ મુનીની વૈયાવચ્ચ કરીને, ભરત બાહુબળ શિવ મગરી ॥શુદ્ધ૦૬॥ નૃપ જીમૂતકેતુ પદ સાધી, આત્મ જિન પદ રસ ગગરી ॥શુદ્ધ૦૭॥ ઇતિ સોળમી પૂજા.

સત્તરમી સમાધિપદ પૂજા દુહા.

નિજાતમ ગુણ રમણતા, ઇંદ્રીય તજી વિકાર;
થિર સમાધિ સંતોષમે, ભવ દુઃખ ભંજન હાર. ૧

રાગ કમાચ.

(માનોને ચેતનજી મારી વાત માનોને,) એ દેશી.

રાચોરે ચેતનજી મન શુદ્ધ લાગ, રાચો. ધારો ધારો સમાધિ કેરો રાગ ॥રાચો૦ ૧॥ યા સંગ નાશ કહ્યો ભવવનકો, આમ કયું સરકો ભાગ ॥ રાચો૦૨ ॥ દ્રવ્ય સમાધિ ભાવ સમાધિ, સુમતિ કેરો સુહાગ ॥ ॥રાચો૦૩॥ અસન વસનસેં ભકિત સંઘકી, દ્રવ્ય સમાધિ અથાગ॥રાચો૦૪॥ સારણ વાયણ ચોયણ કરની,

દુતીયે સમાધિ જાગ ॥ રાચો૦ ૫॥ સકળ સંઘકું દુવિધ સમાધિ, નિપજાવે મહાભાગ ॥રાચો૦ ૬॥ પંચ સુમતિ તિન ગુપ્તિ ધરે નિત, નિશદિન ધરત વિરાગ ॥રાચો૦ ૭॥ ચાર નિક્ષેપ નય સપ્તભંગી, કારણ પંચ નિરાગ ॥રાચો૦૮॥ ચાર પ્રમાણ દ્રવ્ય ષટ માને, નવ તત્વ દિલમે ચિરાગ ॥ રાચો૦ ૯॥ સામાયિક નવદ્વાર વિચારી, નિજ સત્તાકો વિભાગ ॥રાચો૦૧૦॥ પુરંદર નૃપ એ પદ સેવી, આતમ જિનપદ માગ ॥રાચો૦૧૧॥ ઇતિ સત્તરમી પૂજા.

અઢારમી અભિનવ જ્ઞાનપદ પૂજા.

દુહા.

જ્ઞાન અપૂર્વ ગ્રહણ કર, જાગે અનુભવ રંગ;
કુમતિ જાગ સબ જારકે, ઉછળે તત્વ તરંગ. ૧
પદ અઢારમે પૂજીએ, મન ધરી અધિક ઉમંગ;
જ્ઞાન અપૂર્વ જિન કહે, તજી કુગુરૂકો સંગ. ૨

(મન મોહ્યા જંગલકી હરણીને, મન૦) એ દેશી.

ભવિ વંદો અપુર્વ જ્ઞાન તરણીને, ભવિ૦ એ આંકણી. કુમતિ ઘૂક સબ અંધ હુયેહે, ભૂલે જડમતિ કરણીને ॥ભવિ૦૧॥ જ્ઞાન અપૂર્વ જામહી પ્રગટે, શુદ્ધ

કરે ચિત્ત ધરણિને ॥ભવિ૦૨॥ નિર્યુકિત શુદ્ધ ટીકા ચુરણિ, મૂલ ભાષ્ય મુખ ભરણિને ॥ભવિ૦ ૩॥ સંપ્રદાય અનુભવ રસ રંગે, કુમતિ કુપંથ વિહરણીને ॥ ॥ભવિ૦૪॥ સદ્ગુરૂકી એ તાલિકા નીકી, રતન સંદુઃખ ઉધરણિને ॥ભવિ૦૫॥ ઇનિ વિન અર્થ કરે સો તસ્કર, કાળ અનંતા મરણિને ॥ ભવિ૦૬ ॥ સમ્મતિ કર્મ ગ્રંથ રત્નાકર, છેદગ્રંથ દુઃખ હરણિને ॥ભવિ૦ ૭॥ દ્વાદશાર વલી અંગ ઉપાંગ, સપ્તભંગ શુદ્ધ વરણિને ॥ભવિ૦૮॥ ઇત્યાદિક ભવિ જ્ઞાન અપૂર્વ, પઠન કરે ધરે ચરણિને ॥ભવિ૦૯॥ સાગરચંદ જિનપદ પાયો, આતમ શિવ વધુ પરણીને ॥ભવિ૦૧૦॥ ઇતિ અઢારમી પૂજા.

ઓગણીશમી શ્રુતપદ પુજા દુહા.

પાપ તાપકે હરણકો, ચંદન સમ શ્રુત જ્ઞાન;
શ્રુત અનુભવ રસ રાચીયે, માચીયે જીન ગુણ તાન૧
એગુણવિશ પદ પૂજીયે, જિનવર વચન અભંગ;
તીર્થંકર પદ ભવિ લહે, છાર કુમતિકો સંગ. ૨

રાગ કલ્યાણ.

(શ્રીરાધે રાણીદે ડારોને, વંશરી હમોરી; શ્રીરાધે૦)

એ દેશી.

શ્રી ચિદાનંદ વેડારોને, કુમતિ જો મેરી: શ્રી૦ એ આંકણી. દુષમ કાળમે કુમતિ અંધેરો, પ્રગટ કરે સબ ચેરી ॥શ્રી૦૧॥ બત્તીસ દોષ રહીત શ્રુત વાંચે, આઠગુણ કરી જોરી ॥શ્રી૦૨॥ અરિહંત ગણધર ભાષિત નીકો, શ્રુત કેવળી બળ ફોરી ॥શ્રી૦૩॥ પ્રત્યેક બુદ્ધી દસપૂર્વધર, શ્રુત હરે ભવકોરી ॥શ્રી૦૪॥ આઠ આચાર જો કાળાદિકહે, સાધે કરમની ચોરી ॥શ્રી૦૫॥ ચારોહિ અનુયોગ ગુરૂગમ વાંચે, ટુટે કુપંથની દોરી ॥શ્રી૦૬॥ ચોદે ભેદ શ્રુત વિશ ભેદહે, અંગ પયન્નાકોરી ॥શ્રી૦૭॥ રત્નચુડ નૃપ એ પદ શેવી, આત્મ જિનપદ હોરી ॥શ્રી૦૮॥ ઇતિ ઓગણીશમી પૂજા.

ત્રિશમી તિર્થ પદ પુજા દુહા.

જિનમતકી પરભાવના, કરે પ્રભાવક આઠ;
શ્રાવક ધન ખરચી કરે, રથયાત્રાદિક ઠાડ. ૧
પ્રાવચની૧ અરૂ ધર્મકથી ૨, વાદ ૩ નિમિત્ત ૪ સુજ્ઞાન;
તપી ૫ સિદ્ધ ૬ વિદ્યા૭ કવિ૮, આઠ પ્રભાવક જાન. ૨

રાગ પીલૂ.

તીર્થ ઉજાશે આમ કરીયે, ભવિક વૃંદ દાખ્યોરે જિન પદ, આનંદ ભરેરી. તીર્થ ઉ૦ એ આંકણી. તીર્થ પ્રકાર દોય, થાવર જંગમ જોય, સિદ્ધગિરી આદી જોય, દર્શ કરેરી ॥તી૦૧॥ શિખર સમ્મેત ચંપા, પાવાપુરી દુઃખ કંપા, અષ્ટાપદ રૈવત, જિનંદ શિવ વરેરી ॥તી૦૨॥ ઇતિઆદિ જિનસ્થાન, જનમ વિરત જ્ઞાન સમજ સુજાન કાન, ભક્તિ ખરેરી ॥તી૦૩॥ થાવર તીર્થ રંગ, મન ધરી અતિ ચંગ, સંઘ કાઢી મહાવૃંદ, ધર્મસું ધરેરી ॥તી૦૪॥ સંઘકી ભક્તિ કરી, જેજેકાર જગ કરી, પાવન પ્રભાવનાશેં, ઉન્નતિ કરેરી ॥તી૦૫॥ ભરત સાગર સેન, મહાપદ્મ હરિષેણ, સંપ્રતિ કુમારપાળ, વસ્તુપાળ નરેરી ॥તી૦૬॥ આત્મ આનંદ પુર, કરમ કલંક ચૂર, મેરૂપ્રભ જિન પદ સુખમેં વરેરી ॥ ॥ તી૦૭॥ ઇતિ વીશમી પુજા.

અથ કળસ રાગ ધન્યાશ્રી.

શુદ્ધ મન કરોરે આનંદી, વિંશતિ પદ; શુદ્ધ મ૦ એ આંકણી. વિંશતિ પદ પુજન કરી વિધશ્યું, ઉજમણું કરો ચિત્ત રંગી ॥વિં૦૧॥ એ સમ અવર ન કરણી જ-

ગમેં, જિનવર પદ સુખ ચંગી ।।વિં૦૨।। તપગછ ગગનમેં દિનમણિ સરિસા, વિજ્યસિંહ વિરંગી ।।વિં૦૩।। સત્ય કર્પુર ક્ષમા જિન ઉત્તમ, પદ્મ રૂપ ગુરૂ જંગી. ।।વિં૦૪।। કીર્તિવિજય ગુરૂ સમરસ ભીનો, કસ્તુર મણિ હે નિરંગી ।।વિં૦૫।। શ્રી ગુરૂ બુદ્ધિવિજય મહારાજા, મુક્તિ વિજય ગણી ચંગી ।।વિં૦૬।। તસ લઘુ ભ્રાતા આનંદ વિજયો, ગાયે વિંશતિ પદ ભંગી ।। વિં૦૭ ।। ખં યુગ અંક ઇંદુ (૧૯૪૦) વત્સરમેં, વિકાનેર સુરંગી ।। વિં૦ ૮ ।। આત્મરામ આનંદ પદ પૂજો, મન તન હોય એક રંગી ।। વિં૦ ૯ ।। ઇતિ

ઇતિ મુનીરાજશ્રી આતમારામજી (આનંદવિજયજી) કૃત વિશ સ્થાનકની પુજા.

સમાપ્ત.

સુચના.

નીચે લખેલી ચોપડીઓ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની ઓફીસમાંથી ભાવનગરમાં મળશે.

	કીંમત.
૧ સુભાષીત સ્તવનાવળી ભાગ પેહેલો.	૦–૮–૦
૨ સુભાષીત સ્તવનાવળી ભાગ બીજો.	૦–૬–૦
૩ સત્તરભેદી પુજા (આત્મારામજી કૃત.)	૦–૧–૦
૪ વીશસ્થાનકની પુજા (આત્મારામજી કૃત.)	૦–૧–૦
૫ સમ્યકત સલ્યોદ્ધાર (ઢુંઢક મતનું ખંડન) છપાયછે.	

આ ચોપડીઓ અમારી સભાના મંત્રી શા. ગીરધર દેવચંદ પાસેથી પણ તેજ ઠેકાણે મળશે.